# સ્પોર્ટસ લાઇન

ગુરુવાર ૭ મે, ૨૦૨૬







IPL 2026 આજની મેચ LSG Vs RCB સમય: સાંજે 7:30 વાગ્યે સ્થળ: લખનૌ

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| SRH | 11 | 7 | 4 | 0 | 14 | 0.737 |
| PBKS | 10 | 6 | 3 | 1 | 13 | 0.571 |
| RCB | 9 | 6 | 3 | 0 | 12 | 1.420 |
| RR | 10 | 6 | 4 | 0 | 12 | 0.510 |
| GT | 10 | 6 | 4 | 0 | 12 | -0.147 |
| CSK | 10 | 5 | 5 | 0 | 10 | 0.151 |
| DC | 10 | 4 | 6 | 0 | 8 | -0.949 |
| KKR | 9 | 3 | 5 | 1 | 7 | -0.539 |
| MI | 10 | 3 | 7 | 0 | 6 | -0.649 |
| LSG | 9 | 2 | 7 | 0 | 4 | -1.076 |

# IPL ફાઈનલ અમદાવાદમાં, પ્લેઓફ મેચો ધર્મશાલા અને ન્યુ ચંદીગઢમાં

**કર્ણાટક** એસોસિએશન અને અધિકારીઓની બોર્ડની ગાઇડલાઇન અને પ્રોટોકોલ બહારની માગણીઓને કારણે સ્થળ બદલાયું : BCCI

**બીસીસીઆઇ** દ્વારા કહેવાયું કે ઓપરેશનલ અને લોજિસ્ટિકલ સમસ્યાઓના કારણે, પ્લેઓફ સ્ટેજ મેચો આ વર્ષે ત્રણ સ્થળોએ રમાશે



નવી દિલ્હી, તા. 06 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ બુધવારે જાહેરાત કરી કે 31 મેના રોજ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ફાઈનલનું આયોજન બેંગલુરુને બદલે સતત બીજી સીઝન માટે અમદાવાદ કરશે, જ્યારે ક્વોલિફાયર 1 ધર્મશાલામાં અને અન્ય બે પ્લેઓફ મેચ ન્યુ ચંદીગઢમાં રમાશે.

ગત સિઝનમાં આરસીબી ચેમ્પિયન બન્યું હોવાથી પરંપરાગત રીતે ફાઈનલ બેંગલુરુમાં રમવાની હતી. અમદાવાદમાં ગયા વર્ષે ઉપરાંત, અગાઉ 2022 અને 2023માં આઈપીએલ ફાઈનલનું આયોજન કરવામાં આવ્યું હતું. બીસીસીઆઈએ એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે આઈપીએલ ફાઈનલનું આયોજન કરવા માટે બેંગલુરુની મૂળ પસંદગી કરવામાં આવી હતી. જોકે, બીસીસીઆઈની સ્થાપિત માર્ગદર્શિકા અને પ્રોટોકોલના દાયરાની બહાર હોય તેવી સ્થાનિક એસોસિએશન અને અધિકારીઓની કેટલીક માગણીઓને કારણે સ્થળ ખસેડવામાં આવ્યું છે. જોકે, બોર્ડે કર્ણાટકની રાજધાનીમાં ફાઈનલ યોજવા માટેની માગણીઓનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી. બોર્ડે એમ પણ કહ્યું કે ઓપરેશનલ અને લોજિસ્ટિકલ સમસ્યાઓના કારણે, પ્લેઓફ સ્ટેજ મેચો આ વર્ષે ત્રણ સ્થળોએ રમાશે.

ક્વોલિફાયર 1 26 મેના રોજ ધર્મશાલા સ્ટેડિયમ ખાતે રમાશે. પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહેલી બે ટીમો આ મેચમાં ભાગ લેશે. આ મેચના વિજેતાને ફાઈનલમાં સીધો પ્રવેશ મળશે. ત્યારબાદ મેચો ન્યૂ ચંદીગઢના ન્યૂ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાશે, જ્યાં ત્રીજા અને ચોથા ક્રમે રહેલી ટીમો 27 મેના રોજ એલિમિનેટર રમશે. ક્વોલિફાયર 2 પણ 29 મેના રોજ આ જ સ્ટેડિયમ ખાતે રમાશે એમ તેમાં જણાવાયું છે. આ સાથે ધર્મશાલામાં પહેલી વાર આઈપીએલ પ્લેઓફ મેચ રમાશે.

## આઇપીએલ પ્લેઓફ શેડ્યૂલ

| તારીખ | મેચ | સ્થળ |
|---|---|---|
| 26 મે | ક્વોલિફાયર 1 | HPCA સ્ટેડિયમ, ધર્મશાલા |
| 27 મે | એલિમિનેટર | આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ, ન્યૂ ચંદીગઢ |
| 29 મે | ક્વોલિફાયર 2 | આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ, ન્યૂ ચંદીગઢ |
| 31 મે | ફાઇનલ | નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ. |

## ફાઇનલનું સ્થળ બદલાવા પાછળ MLAનો ટિકિટ વિવાદ અને અમદાવાદનું મોટું સ્ટેડિયમ જવાબદાર

બીસીસીઆઈએ જણાવ્યું હતું કે, આઈપીએલની વર્તમાન સીઝન 31 મેના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગ્રાન્ડ ફાઇનલ સાથે સમાપ્ત થશે, જે વિશ્વના સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ છે. બીસીસીઆઈના સૂત્રોએ જણાવ્યું હતું કે અમદાવાદ સ્ટેડિયમને વધુ દર્શકોની ક્ષમતાને કારણે પસંદ કરવામાં આવ્યું હતું કારણ કે ફાઇનલ માટે મોટી સંખ્યામાં દર્શકો આવવાની અપેક્ષા છે. એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમની ક્ષમતા પ્રમાણમાં ઓછી હોવાથી, આ સિઝનમાં રાજ્યના ધારાસભ્યો, ધારાસભ્ય પરિષદ અને સાંસદો માટે ત્રણ મફત IPL ટિકિટનો ક્વોટા ફાળવવાના કર્ણાટક સરકારના નિર્ણય સાથે બોર્ડ સહમત નથી તેવું પણ પ્રકાશમાં આવ્યું છે.

## IPL ફાઇનલ અને પ્લેઓફ મેચ અન્ય સેન્ટરને ફળવાતા નિરાશ છીએ : કર્ણાટક ક્રિકેટ એસો

બેંગલુરુ, તા. 06 (પીટીઆઇ) : કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશન (કેએસસીએ) એ બુધવારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) ના ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ફાઇનલ બેંગલુરુથી અમદાવાદ ખસેડવાના નિર્ણય પર નિરાશા વ્યક્ત કરી છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) ડિફેન્ડિંગ ચેમ્પિયન હોવાથી ફાઇનલ પરંપરાગત રીતે બેંગલુરુમાં યોજાવાની હતી, પરંતુ બીસીસીઆઇએ કોઈ ચોક્કસ કારણ આપ્યા વિના મહત્વપૂર્ણ મેચ અમદાવાદ ખસેડી દીધી. કેએસસીએના પ્રમુખ વેંકટેશ પ્રસાદે આઇપીએલ 2026ની શરૂઆતમાં જાહેરાત કરી હતી કે બીસીસીઆઇએ બેંગલુરુને સાત મેચ માટે હોસ્ટિંગ રાઇટ્સ આપવાનો નિર્ણય લીધો છે, જેમાં પાંચ હોમ મેચ, એક પ્લેઓફ અને ફાઇનલનો સમાવેશ થાય છે. કેએસસીએના સત્તાવાર પ્રવક્તા વિનય મૃત્યુંજયએ જણાવ્યું હતું કે, કેએસસીએ નિરાશા વ્યક્ત કરે છે કે આઇપીએલ પ્લેઓફ મેચો અન્ય કેન્દ્રોને આપવામાં આવી છે. કેએસસીએના પ્રમુખ વેંકટેશ પ્રસાદ આ સંદર્ભમાં બીસીસીઆઇના સંપર્કમાં છે. મૃત્યુંજયએ કહ્યું કે બીસીસીઆઇએ હજુ સુધી પ્લેઓફ મેચોને અન્ય કેન્દ્રોમાં ખસેડવાના ચોક્કસ કારણો જાહેર કર્યા નથી.

---

## હાર્દિક પંડ્યા RCB સામેની મેચ માટે MI ટીમ સાથે રાયપુર ન ગયો

મુંબઈ, તા. 06 : મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામેની આગામી આઈપીએલ 2026ની મેચ માટે ટીમ સાથે રાયપુર ગયો ન હતો, જેના કારણે આ સિઝનની તેમની સૌથી મહત્વપૂર્ણ મેચોમાંની એક માટે તેની ઉપલબ્ધતા પર નવો શંકા ઉભી થઈ છે. જો કે મુંબઈ ઈન્ડિયન્સ વતી એવું કહેવાયું છે કે હાર્દિક પાછળથી ટીમ સાથે જોડાશે અને તે આરસીબી સામે રમશે. રાયપુર પહોંચનારા મુંબઈ ઈન્ડિયન્સના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફના પહેલા બેચમાં હાર્દિક સામેલ નહોતો, પરંતુ રવિવારે આરસીબી સામેની ઈન્ડિયન પ્રીમિયર લીગની આગામી મેચ માટે તે ફિટ થઈ જશે તેવી અપેક્ષા ટીમ રાખી રહી છે. શુક્રવારે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ રાયપુર જવા રવાના થતાં પહેલાં છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ટર્મિનલ 1 પર એકઠી થઈ હતી, પરંતુ પંડ્યા પ્રવાસી જૂથ સાથે હાજર નહોતો.

# પંજાબ કિંગ્સને હરાવી સનરાઈઝર્સ ટોચ પર

**અભિષેક**-હેડે અપાવેલી સારી શરૂઆત પછી ક્લાસેન-કિશને અર્ધસદી ફટકારી SRHને 235 રન સુધી પહોંચાડ્યું

**શરૂઆતના** ધબડકા પછી કોનોલીએ નોટઆઉટ સદી ફટકારી પણ છતાં તે પંજાબ કિંગ્સને જીતાડી ન શક્યો



હૈદરાબાદ, તા. 06 : આઈપીએલમાં આજે બુધવારે અહીં રમાયેલી એક મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદના ખેલાડીઓએ કેટલાક કેચ પડકા મૂકતા હેનરિક ક્લાસેન અને ઈશાન કિશને પોતાને મળેલા જીવનદાનનો ભરપૂર ફાયદો ઉઠાવી સનરાઈઝર્સ હૈદરાબાદને 4 વિકેટે 235 રનના પડકારજનક સ્કોર સુધી પહોંચાડીને મૂકેલા 236 રનના લક્ષ્યાંક સામે કૂપર કોનોલીની નોટઆઉટ સદી છતાં પંજાબ કિંગ્સ સાત વિકેટે 202 રન સુધી જ પહોંચી શકતા સનરાઈઝર્સ 33 રનથી મેચ જીતીને ટેબલમાં ટોચના સ્થાને પહોંચી ગયું હતું.

અભિષેક શર્મા (13 બોલમાં 35 રન) અને ટ્રેવિસ હેડ (19 બોલમાં 38 રન)ની જોડીએ અર્શદીપ સિંહ અને માર્કો જેન્સનની ઓવરોમાં વિસ્ફોટક બેટિંગ કરી બીજી એક અડધી સદીની ભાગીદારી નોંધાવી હતી. ત્યારબાદ ક્લાસેન (43 બોલમાં 69 રન) અને કિશને (32 બોલમાં 55 રન) મળેલી તકોનો લાભ ઉઠાવીને અડધી સદી ફટકારી હતી, જેના કારણે બોલિંગ યુનિટ માટે એક મજબૂત અને બચાવ કરી શકાય તેવો સ્કોર ઉભો થયો હતો. નીતીશ રેડ્ડી, જેની ઓલરાઉન્ડ રમત આ સિઝનમાં નોંધપાત્ર રીતે સુધરી છે, તેણે પણ 13 બોલમાં અણનમ 29 રનની નાની પણ મહત્વની ઈનિંગ રમીને કુલ સ્કોરમાં વધારો કર્યો હતો.

પિચ પર બોલરો માટે ખાસ કંઈ નહોતું, અને તે જોતા ચહલના 32 રનમાં 1 વિકેટનો સ્પેલ ખૂબ જ કિંમતી કહી શકાય. શશાંક સિંઘે એક સરળ કેચ છોડ્યો હતો અને પ્રભસિમરણ સિંઘ નિયમિત સ્ટમ્પિંગ કરવામાં નિષ્ફળ રહ્યો હતો, જેના કારણે ચહલ ગુસ્સામાં અને હતાશ જોવા મળ્યો હતો. પંજાબ કિંગ્સ, જેનું આઉટફિલ્ડિંગ આખી ટુર્નામેન્ટમાં અત્યંત ખરાબ રહ્યું છે, તેમણે વધુ ત્રણ કેચ છોડ્યા હતા. જ્યારે પિચ બેટિંગ માટે એકદમ અનુકૂળ હોય, ત્યારે આવી ભૂલો અક્ષમ્ય ગણાય છે.

| સનરાઇઝર્સ હૈદરાબાદ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| અભિષેક કો.શ્રેયસ બો.ફર્ગ્યુસન | 35 | 13 | 2 | 4 |
| હેડ કો.યાન્સન બો.ચહલ | 38 | 19 | 3 | 3 |
| ઇશાન કો.શ્રેયાંષ બો.અર્શદીપ | 55 | 32 | 2 | 4 |
| ક્લાસેન કો.યાન્સન બો.વ્યાષક | 69 | 43 | 3 | 4 |
| નીતિશ નોટઆઉટ | 29 | 13 | 2 | 2 |
| વધારાના | 9 | | | |
| કુલ (20 ઓવરમાં ચાર વિકેટે) | 235 | | | |

**વિકેટપતન :** 1/54, 2/84, 3/172, 4/235

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | 4 | 0 | 43 | 1 |
| માર્કો યાન્સન | 4 | 0 | 61 | 0 |
| લોકી ફર્ગ્યુસન | 4 | 0 | 41 | 1 |
| યુઝવેન્દ્ર ચહલ | 4 | 0 | 32 | 1 |
| વિજયકુમાર વ્યાસક | 4 | 0 | 54 | 1 |

| પંજાબ કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| પ્રિયાંશ કો.મલિંગા બો.કમિન્સ | 1 | 3 | 0 | 0 |
| પ્રભસિમરન કો.કમિન્સ બો.નીતિશ | 3 | 4 | 0 | 0 |
| કોનોલી નોટઆઉટ | 107 | 59 | 7 | 8 |
| શ્રેયસ કો.કમિન્સ બો.મલિંગા | 5 | 5 | 1 | 0 |
| સ્ટોઇનિસ કો.ઇશાન બો.શિવાંગ | 28 | 14 | 3 | 2 |
| શ્રેયાંશ કો.અભિષેક બો.કમિન્સ | 25 | 17 | 1 | 2 |
| શશાંક કો.નીતિશ બો.સાકિબ | 4 | 3 | 1 | 0 |
| યાન્સન કો.દુબે બો.શિવાંગ | 19 | 16 | 0 | 1 |
| વ્યાષક નોટઆઉટ | 1 | 1 | 0 | 0 |
| વધારાના | 9 | | | |
| કુલ (20 ઓવરમાં સાત વિકેટે) | 202 | | | |

**વિકેટપતન :** 1/4, 2/4, 3/23, 4/63, 5/110, 6/119, 7/187

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| પેટ કમિન્સ | 4 | 0 | 34 | 2 |
| નીતિશ કુમાર રેડ્ડી | 2 | 0 | 11 | 1 |
| ઇશાન મલિંગા | 4 | 0 | 36 | 1 |
| સાકિબ હસન | 4 | 0 | 40 | 1 |
| શિવાંગ કુમાર | 4 | 0 | 45 | 2 |
| હર્ષ દુબે | 2 | 0 | 36 | 0 |

## LSG સામે આજે પોતાની બેટિંગ રિધમ પાછી મેળવવાનો RCB પ્રયાસ કરશે

**સાંજે** 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



લખનૌ, તા. 06 (પીટીઆઈ) : આઈપીએલમાં આવતીકાલે ગુરુવારે અહીં પાછલી મેચમાં બેટ્સમેનોની નિષ્ફળતાને કારણે ટેબલ ટોપર બનવાની તક ગુમાવનાર રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી), સાવ તળિયે રહેલા લખનૌ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામે ટકરાશે ત્યારે પોતાનું બેટિંગ ફોર્મ પાછું મેળવીને પ્લેઓફની આશાઓને વેગ આપવાનો પ્રયાસ કરશે.

આરસીબી હાલમાં પોઈન્ટ ટેબલમાં બીજા ક્રમે છે, પરંતુ ચાર અન્ય ટીમો તેના જેટલા જ 12 પોઈન્ટ ધરાવે છે. અમદાવાદમાં ગુજરાત ટાઈટન્સ સામે ચાર વિકેટથી થયેલા પરાજય બાદ તેમને ઝડપથી વાપસી કરવાની જરૂર પડશે. ગુજરાત સામેની મેચમાં આરસીબીની બેટિંગ નાટકીય રીતે પડી ભાંગી. એક સમયે, તેમનો સ્કોર બે વિકેટે 79 રન હતો, પરંતુ ટૂંક સમયમાં જ તેમનો સ્કોર છ વિકેટે 96 રન થઈ ગયો અને પછી 155 રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા. આ મેચમાં બેટ્સમેન ભલે નિષ્ફળ ગયા હોય, પરંતુ તેઓ મજબૂત વાપસી કરવા સક્ષમ છે. તેમના બેટ્સમેનોએ અત્યાર સુધી આક્રમક રમત દર્શાવી છે અને લખનૌ સામે પણ આ વલણ ચાલુ રાખવાનો પ્રયાસ કરશે. આરસીબીના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી ઉત્તમ ફોર્મમાં છે, તેણે 379 રન બનાવ્યા છે.

---

# પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય રમત સંબંધો પર પ્રતિબંધ ચાલુ રહેશે : રમત મંત્રાલય

**આઇસીસી** સહિતની વૈશ્વિક બોડીની મલ્ટિનેશનલ ટૂર્નામેન્ટને આ પ્રતિબંધમાંથી મુક્તિ મળવાની પણ જાહેરાત

**બહુરાષ્ટ્રીય** ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે સરહદ પારથી આવતા ખેલાડીઓને રોકવામાં આવશે નહીં

### પહેલગામ હુમલા પછી એશિયા કપમાં ભારતની ભાગીદારી સમયે પહેલીવાર આ નીતિ જાહેર થઇ હતી

આ નીતિની જાહેરાત સૌપ્રથમ ગયા વર્ષે ઓગસ્ટમાં કરવામાં આવી હતી. યુએઈમાં આયોજિત એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારતની ભાગીદારી અંગે થયેલા મોટા હોબાળા વચ્ચે આ જાહેરાત કરવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં પાકિસ્તાન પણ સામેલ હતું અને પહેલગામ આતંકવાદી હુમલાના થોડા મહિનાઓ પછી આયોજિત કરવામાં આવ્યું હતું જેમાં 26 લોકો માર્યા ગયા હતા. તે સમયે મંત્રાલયે કહ્યું હતું કે જ્યાં સુધી યજમાન દેશ પાકિસ્તાન ન હોય ત્યાં સુધી તે બહુપક્ષીય ક્રિકેટ સ્પર્ધાઓમાં કોઈ અવરોધ ઉભો કરશે નહીં. આ નીતિ સ્પષ્ટ કરે છે કે ભારત, જે 2030 કોમનવેલ્થ ગેમ્સ અને 2036 ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવા માંગે છે, તે ઓલિમ્પિક ચાર્ટર અને તેની સમાવેશકતાની ભાવનાનું પાલન કરીને પોતાને વૈશ્વિક કાર્યક્રમોના સહાયક યજમાન તરીકે રજૂ કરશે.

નવી દિલ્હી, તા. 06 (પીટીઆઈ) : રમત મંત્રાલયે આજે બુધવારે જણાવ્યું હતું કે પાકિસ્તાન સાથે દ્વિપક્ષીય રમત સંબંધો પર ગયા વર્ષે લાદવામાં આવેલ સંપૂર્ણ પ્રતિબંધ ચાલુ રહેશે પરંતુ બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે સરહદ પારથી આવતા ખેલાડીઓને રોકવામાં આવશે નહીં.

મંત્રાલયે ભારતને પસંદગીના રમતગમત સ્થળ તરીકે સ્થાપિત કરવા માટે રમતવીરો, ટીમ અધિકારીઓ, ટેકનિકલ સ્ટાફ અને આંતરરાષ્ટ્રીય રમતગમત સંચાલક સંસ્થાઓના અધિકારીઓ માટે વિઝા પ્રક્રિયાને સરળ બનાવવાની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો. મંત્રાલયે તમામ રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન (NSF), ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) સહિત અન્ય સંસ્થાઓને જારી કરાયેલા પરિપત્રમાં જણાવ્યું હતું કે જ્યાં સુધી એકબીજાના દેશમાં દ્વિપક્ષીય રમત કાર્યક્રમોનો સંબંધ છે, ભારતીય ટીમો પાકિસ્તાનમાં યોજાનારી ઈવેન્ટ્સમાં ભાગ લેશે નહીં. તેમજ અમે પાકિસ્તાની ટીમોને ભારતમાં રમવાની મંજૂરી આપીશું નહીં. આંતરરાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય સ્પર્ધાઓના સંદર્ભમાં, પછી ભલે તે ભારતમાં યોજાય કે વિદેશમાં, અમે આંતરરાષ્ટ્રીય રમતગમત સંચાલક સંસ્થાઓના કાર્યપ્રણાલી અને અમારા પોતાના રમતવીરોના હિત દ્વારા માર્ગદર્શન મેળવીએ છીએ એમ તેમાં જણાવાયું છે. તેમાં જણાવાયું છે કે એ જ રીતે ભારતીય ટીમો અને વ્યક્તિગત રમતવીરો આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેશે જેમાં પાકિસ્તાની ટીમો અથવા રમતવીરો પણ સામેલ હશે. તેવી જ રીતે, પાકિસ્તાની રમતવીરો અને ટીમો ભારત દ્વારા આયોજિત આવી બહુપક્ષીય સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે.

## બાકી રકમ મામલે બ્રોડકાસ્ટર અને બિઝનેસ પાર્ટનરને PCBની કાનૂની નોટિસ

**પીસીબીએ** સેન્ટ્રલ પુલમાંથી સંપૂર્ણ હિસ્સો હજુ ચુકવ્યો ન હોવાથી વાર્ષિક ફી બાકી હોવાની ફ્રેન્ચાઇઝીની ફરિયાદ

**પીસીબીએ** બાકી લેણા મામલે પીએસએલની ફ્રેન્ચાઇઝીઓને પણ કાનૂની નોટિસ મોકલાવી

લાહોર, તા. 06 (પીટીઆઈ) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ ડિફોલ્ટર ફ્રેન્ચાઈઝી, બ્રોડકાસ્ટર અને વાણિજ્યિક ભાગીદારો પાસેથી અબજો રૂપિયાના બાકી લેણાં વસૂલવા માટે એક ઝુંબેશ શરૂ કરી છે. પીસીબીના એક સૂત્રના જણાવ્યા અનુસાર, તાજેતરમાં વિવિધ પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) ફ્રેન્ચાઈઝી, બ્રોડકાસ્ટર અને વાણિજ્યિક ભાગીદારોને કાનૂની નોટિસ મોકલવામાં આવી છે, જેમાં તેમને કાનૂની કાર્યવાહીનો સામનો ન કરવા માટે તેમના બાકી લેણાં ચૂકવવા કહેવામાં આવ્યું છે.

સૂત્રએ જણાવ્યું કે શરૂઆતમાં,પીએસએલની કેટલીક બાકી ફ્રેન્ચાઈઝીઓને નોટિસ પણ મોકલવામાં આવી હતી, જેમાં તેમને તેમની બાકી વાર્ષિક ફી ચૂકવવા અથવા કાર્યવાહીનો સામનો કરવા કહેવામાં આવ્યું હતું. આ ફ્રેન્ચાઈઝીઓએ હવે તેમના બાકી પૈસા ચૂકવી દીધા છે, પરંતુ બોર્ડને 2010થી પેન્ડિંગ રહેલી ફ્રેન્ચાઈઝીઓ માટે સેન્ટ્રલ પૂલ બાકી રકમનો તેમનો હિસ્સો ચૂકવવા પણ કહ્યું છે. સૂત્રએ જણાવ્યું હતું કે એક ફ્રેન્ચાઈઝીએ ફરિયાદ કરી હતી કે તેની વાર્ષિક ફી બાકી છે કારણ કે બોર્ડે પીએસએલની 10મી સીઝન માટે સેન્ટ્રલ પૂલમાંથી તેનો સંપૂર્ણ હિસ્સો આશરે 960 મિલિયન પાકિસ્તાની રૂપિયા હજુ સુધી ચૂકવ્યો નથી.

## વૈભવ સૂર્યવંશીને કારણે IPL સામે FIR નોંધાવવાની સામાજીક કાર્યકરની માગ

**15 વર્ષિય** સગીરને રમવાની મંજૂરી આપવી એ બાળ મજૂરી કરાવવા બરાબર હોવાની કર્ણાટકના સામાજીક કાર્યકરની દલીલ

**સામાજીક** કાર્યકરની દલીલની સામે ઇન્ટરનેટ યૂઝર્સ દ્વારા આકરી ટીકા, રમત કૌશલ્યને બાળમજૂરી સાથે સરખાવી ન શકાય



બેંગલુરુ, તા. 06 : ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં 15 વર્ષીય બેટિંગ સેન્સેશન વૈભવ સૂર્યવંશી સંબંધે એક કાનૂની વિવાદ ઉભો થયો છે. કર્ણાટક સ્થિત એક સામાજિક કાર્યકર્તાએ આઇપીએલમાં યુવાનની ભાગીદારી સામે એફઆઇઆર નોંધાવવાની માગ કરી હતી, અને આરોપ લગાવ્યો હતો કે સગીરને કોમર્શિયલ ટુર્નામેન્ટમાં રમવાની મંજૂરી આપવી એ બાળ મજૂરી કરાવવા સમાન છે.

આઇપીએલ 2026ના બ્રેકઆઉટ સ્ટાર્સમાંનો એક, સૂર્યવંશી, એક અણધારી કાનૂની ચર્ચાના કેન્દ્રમાં આવી ગયા છે, જ્યારે કાર્યકર્તા સીએમ શિવકુમાર નાયકે એક સગીરને હાઇ-પ્રોફાઇલ પ્રોફેશનલ સ્પોર્ટિંગ લીગમાં ભાગ લેવાની મંજૂરી આપવા સામે વાંધો ઉઠાવીને એફઆઇઆર નોંધવાની માગ કરી છે, અને દલીલ કરી છે કે સગીરોને મોટા પાયે વ્યાપારી રમત કાર્યક્રમોમાં સામેલ ન કરવા જોઇએ અને સૂર્યવંશીની આઇપીએલ ભાગીદારી બાળ મજૂરી કાયદાનું ઉલ્લંઘન સમાન હોઇ શકે છે.

જોકે, તેમની સામે ઓનલાઇન તીવ્ર ટીકા થઇ છે, જેમાં ઘણા યૂઝર્સે બાળ મજૂરી અને વ્યાવસાયિક રમત વચ્ચેની સરખામણીનો સખત વિરોધ કરી રહ્યા છે. એક યુઝરે દલીલ કરી હતી કે જો કોઇ યુવા ખેલાડી કૌશલ્ય, કરાર અને નિયમો દ્વારા પોતાનું સ્થાન મેળવે છે, તો તે શોષણ નથી, તે એક તક છે, અને ઉમેર્યું હતું કે આ જ તર્ક દ્વારા, ભારતનું પ્રતિનિધિત્વ કરતા દરેક અંડર-18 ખેલાડીને પણ એ દાયરામાં લેવાની વાત થઇ શકે.

---

## અનુસંધાન... પાના પહેલાનું

### ઈરાન-અમેરિકા...

કરાર સફળ થાય છે કે નહીં. આ અગાઉ, અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પણ જાહેરાત કરી હતી કે 28 ફેબ્રુઆરીએ શરૂ થયેલું 'ઓપરેશન એપિક ફ્યુરી' તેના લક્ષ્યો હાંસલ કર્યા બાદ હવે પૂર્ણ થયું છે. 'પ્રોજેક્ટ ફ્રીડમ'નો મુખ્ય ઉદ્દેશ્ય પર્શિયન ગલ્ફમાં ફસાયેલા 87 વિવિધ દેશોના આશરે 23,000 નાગરિકોને સુરક્ષિત રીતે બચાવવાનો હતો. રુબિયોના જણાવ્યા મુજબ, આ એક સંરક્ષણાત્મક ઓપરેશન હતું જેનો હેતુ માત્ર હુમલાની સ્થિતિમાં વળતો જવાબ આપવાનો હતો.

**સમજૂતીની મુખ્ય શરતો**

આ પ્રસ્તાવિત કરારમાં બંને પક્ષો માટે મહત્વની શરતો મૂકવામાં આવી છે:

**પરમાણુ કાર્યક્રમ પર રોક:** ઈરાને આગામી 12 થી 15 વર્ષ સુધી યુરેનિયમ સંવર્ધન (Enrichment) અટકાવવું પડશે. સાથે જ ઈરાને તેના ઉચ્ચ સંવર્ધિત યુરેનિયમનો સ્ટોક દેશની બહાર ખસેડવો પડશે.

**હોર્મુઝની સામુદ્રધુની:** કરાર મુજબ, ઈરાન હોર્મુઝના જળમાર્ગને તમામ વ્યાપારી જહાજો માટે ખુલ્લો મૂકશે. **પ્રતિબંધોમાં ઢીલ:** બદલામાં અમેરિકા ઈરાન પર લાદેલા આર્થિક પ્રતિબંધો ધીમે-ધીમે હટાવશે અને વિશ્વભરમાં જપ્ત કરાયેલી ઈરાનની અબજો ડોલરની સંપત્તિ મુક્ત કરશે. **તપાસ અને નિરીક્ષણ:** ઈરાને અણુશસ્ત્રો ન બનાવવાના વચન સાથે સંયુક્ત રાષ્ટ્ર (UN) ના નિરીક્ષકોને તપાસ માટેની મંજૂરી આપવી પડશે.

### AIADMKનું એક...

વિજયને બહારથી ટેકો આપવાની હિમાયત કરી હતી. વર્ષ 2019, 2024 (લોકસભા) અને 2021, 2026ની (વિધાનસભા) ચૂંટણીઓમાં સતત હાર બાદ પક્ષના નેતાઓ વિજય સાથે જોડાવા આતુર હતા.

### સત્તા માટે કટ્ટર...

એપ્રિલની વિધાનસભા ચૂંટણીમાં ડીએમકે ને ૫૯ બેઠકો મળી હતી, જ્યારે એઆઈએડીએમકે ૪૭ બેઠકો મેળવવામાં સફળ રહી હતી. પરંતુ અહીં એક પેચ છે: જો ડીએમકે અને એઆઈએડીએમકે હાથ મિલાવે તો પણ તેમના ૧૦૬ ધારાસભ્યોની સંયુક્ત સંખ્યા સરકાર ચલાવવા માટે પૂરતી નથી. બહુમતીનો આંકડો ૧૧૮ છે. તેથી, જો અહેવાલ મુજબની જોડાણની વાતો સાકાર થાય તો બંને પક્ષોને નાના પક્ષોના સમર્થનની જરૂર પડશે.

### મમતા બેનર્જી...

નવનિર્વાચિત ધારાસભ્યો સાથેની બેઠકમાં મમતાએ આક્ષેપ કર્યો હતો કે ભાજપે ચૂંટણી 'લૂંટી' છે અને લગભગ 100 બેઠકો પર ગણતરી દરમિયાન ગેરરીતિ આચરવામાં આવી છે. ટીએમસીના પ્રવક્તા કુનાલ ઘોષે જણાવ્યું કે રાજીનામું ન આપવું એ લોકશાહીમાં વિરોધની એક ભાષા છે. મમતા બેનર્જીએ આ લડાઈને સુપ્રીમ કોર્ટમાં લઈ જવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે તેઓ અને પૂર્વ મંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્ય આ જનાદેશને કોર્ટમાં પડકારવા માટે ફરીથી વકીલાત શરૂ કરશે. મમતાએ પડકાર ફેંકતા કહ્યું કે જો કેન્દ્ર ઈચ્છે તો રાષ્ટ્રપતિ શાસન લાદી શકે છે, જેથી તે 'બ્લેક ડે' તરીકે રેકોર્ડ પર રહે. બંધારણીય નિષ્ણાતો મુજબ, વર્તમાન વિધાનસભાની મુદત 7 મેના રોજ પૂર્ણ થતાં જ તેઓ આપોઆપ પદ ગુમાવશે. મમતાએ વિજયી ઉમેદવારોને પોતપોતાના મતવિસ્તારમાં રહી જનસંપર્ક કરવા સૂચના આપી છે.

### ઓમાનની ખાડીમાં...

છે જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે સત્તાવાર રીતે યુદ્ધવિરામ લાગુ છે અને બંને દેશો યુદ્ધના અંત માટે પ્રારંભિક સમજૂતી તરફ આગળ વધી રહ્યા હોય તેવું જણાય છે. દરમિયાન, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જો સમજૂતી નહીં થાય તો બોમ્બમારોની નવી લહેરની ધમકીઓ આપીને તેહરાન પર દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડે તેની પોસ્ટમાં જણાવ્યું હતું કે, અમેરિકી દળોએ વારંવાર ચેતવણીઓ આપી હતી અને જહાજને જાણ કરી હતી કે તે નાકાબંધીનું ઉલ્લંઘન કરી રહ્યું છે.

### હોર્મુઝ નહીં ખોલો...

પરમાણુ મંત્રણા માટેના માળખાને સ્થાપિત કરવા માટે એક સમજૂતી પત્ર (એમઓયુ) તૈયાર કરવાની ખૂબ જ નજીક છે. અમેરિકા આગામી 48 કલાકમાં કેટલાક મુખ્ય મુદ્દાઓ પર ઈરાનના પ્રતિભાવની અપેક્ષા રાખી રહ્યું છે. જોકે, હજુ સુધી સત્તાવાર રીતે કશું જ નક્કી થયું નથી, પરંતુ યુદ્ધ શરૂ થયા પછી બંને પક્ષો સમજૂતીની આટલી નજીક હોય તેવી આ પ્રથમ ઘટના છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું હતું કે, જો ઈરાન સંમત થયેલી બાબતો પર રાજી થાય છે, તો 'એપિક ફ્યુરી' તરીકે ઓળખાતો હુમલો સમાપ્ત થશે અને હોર્મુઝની સામુદ્રધુની ઈરાન સહિત તમામ માટે ખુલ્લી મુકાશે. પરંતુ જો તેઓ સંમત નહીં થાય, તો પહેલા કરતા પણ વધુ તીવ્રતા સાથે બોમ્બમારો શરૂ કરવામાં આવશે.

### તમિલનાડુમાં સરકાર...

જોથિમણીએ રાજ્યપાલ પર વિલંબ કરવાનો આરોપ લગાવતા કહ્યું કે, ભાજપે લોકભવન દ્વારા રાજકારણ કરવાનું બંધ કરવું જોઈએ. દરમિયાન, કોંગ્રેસે સ્પષ્ટ કર્યું કે તેમનું સમર્થન તે શરત પર રહેશે કે ભારતના બંધારણમાં વિશ્વાસ ન રાખતી કોમી શક્તિઓને ગઠબંધનથી દૂર રાખવામાં આવે, જેનો સીધો ઈશારો એઆઈએડીએમકે તરફ હતો. કોંગ્રેસના આ નિર્ણયની તેના સાથી પક્ષ ડીએમકેએ ટીકા કરી આને વિશ્વાસઘાત ગણાવ્યો હતો.

### વંદે માતરમ્ ગીતને...

દંડ અથવા બંનેની જોગવાઈ કરવામાં આવશે. વંદે માતરમ્ ગીતને વર્ષ 1875માં લખવામાં આવ્યું હતું અને તેના 150 વર્ષ પૂર્ણ થવાના અવસરે સરકાર આ કાયદાકીય ફેરફારો કરી રહી છે. આ માટે કાયદાની કલમ 3 માં સુધારો કરવામાં આવશે, જે મુજબ જો કોઈ વ્યક્તિ જાણીજોઈને ગાયનમાં અડચણ ઉભી કરે તો તેને 3 વર્ષ સુધીની જેલ થઈ શકે છે. કેન્દ્ર સરકારે આ માટે સત્તાવાર પ્રોટોકોલ પણ જાહેર કર્યો છે, જે મુજબ વંદે માતરમ્ ગીતનું સંપૂર્ણ વર્ઝન 6 શ્લોકનું રહેશે જેનો સમયગાળો કેન્દ્ર સરકારના નવા નિર્દેશ મુજબ હવે સરકારી કાર્યક્રમો અને શાળાઓમાં તે વગાડવું અને તે સમયે દરેક વ્યક્તિએ સન્માનમાં ઊભા રહેવું ફરજિયાત છે.

**કાયદામાં સુધારો અને સજાની જોગવાઈ**

રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમમાં સુધારો કરીને વંદે માતરમ્‌ને તેમાં સામેલ કરવામાં આવ્યું છે:**નવો નિયમ:** જે રીતે રાષ્ટ્રધ્વજ, બંધારણ કે રાષ્ટ્રગાનનું અપમાન ગુનો ગણાય છે, તે જ રીતે હવે વંદે માતરમ્‌નું અપમાન પણ ગુનો ગણાશે. **સજા:** જો કોઈ વ્યક્તિ જાણીજોઈને ગીતના ગાયનમાં અડચણ ઊભી કરે અથવા તેનું અપમાન કરે, તો તેને 3 વર્ષ સુધીની જેલ અથવા દંડ અથવા બંનેની સજા થઈ શકે છે. **ગીત માટેનો નવો પ્રોટોકોલ અને સમયગાળો** વંદે માતરમ્ ગીતના 150 વર્ષ પૂર્ણ થવાના અવસરે સરકાર દ્વારા નવો સત્તાવાર પ્રોટોકોલ જાહેર કરવામાં આવ્યો છે: **સંપૂર્ણ વર્ઝન:** ગીતનું સંપૂર્ણ વર્ઝન 6 પદોનું રહેશે. **સમયગાળો:** આ ગીતનો સમયગાળો અંદાજે 3 મિનિટ અને 10 સેકન્ડનો રહેશે. **ક્રમ:** જો કોઈ કાર્યક્રમમાં બંને ગીતો વગાડવાના હોય, તો સૌપ્રથમ વંદે માતરમ્ ગાવું પડશે અને ત્યારબાદ જ રાષ્ટ્રગાન વગાડવામાં આવશે. **સરકારી કાર્યક્રમો અને શાળાઓમાં અમલીકરણ** સરકારે વંદે માતરમ્‌ના ગાન માટે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે: સરકારી કાર્યક્રમોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે તથા રાષ્ટ્રપતિ કે રાજ્યપાલના આગમન અને પ્રસ્થાન સમયે આ ગીત વગાડવું હવે ફરજિયાત છે. શાળાઓ અને કોલેજોમાં રાષ્ટ્રીય પ્રતીકો પ્રત્યે જાગૃતિ લાવવા માટે આ ગીતને પ્રોત્સાહન આપવામાં આવશે. **ખાસ છૂટ:** સિનેમા હોલમાં ફિલ્મ દરમિયાન આ ગીત વગાડતી વખતે પ્રેક્ષકોએ ઊભા થવું અનિવાર્ય રહેશે નહીં.

### શહબાઝ શરીફે...

થઈ રહી છે. પીએમ શહબાઝ, જે બંને દેશો વચ્ચે કાયમી શાંતિ માટે પ્રયાસો કરી રહ્યા છે, તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "હોર્મુઝની સામુદ્રધુનીમાં 'પ્રોજેક્ટ ફ્રીડમ'ને રોકવા અંગેની સમયસરની જાહેરાત અને સાહસિક નેતૃત્વ માટે હું રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો આભારી છું." શહબાઝે કહ્યું કે, પાકિસ્તાન અને અન્ય મિત્ર દેશો, ખાસ કરીને સાઉદી અરેબિયા દ્વારા કરવામાં આવેલી વિનંતી પર રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આ સકારાત્મક પ્રતિસાદ આ સંવેદનશીલ સમયગાળા દરમિયાન પ્રાદેશિક શાંતિ, સ્થિરતા અને સમાધાનને આગળ વધારવામાં ઘણો મદદરૂપ થશે. શહબાઝે એમ પણ જણાવ્યું હતું કે પાકિસ્તાન સંયમ જાળવવા અને સંવાદ તથા મુત્સદ્દીગીરી દ્વારા સંઘર્ષોના શાંતિપૂર્ણ ઉકેલને પ્રોત્સાહન આપવાના તમામ પ્રયાસોને સમર્થન આપવા માટે મક્કમ છે." શહબાઝે આશા વ્યક્ત કરી હતી કે, "વર્તમાન ગતિશીલતા એક એવા સ્થાયી કરાર તરફ દોરી જશે જે પ્રદેશ અને તે સિવાયના વિસ્તારો માટે ટકાઉ શાંતિ અને સ્થિરતા સુરક્ષિત કરશે." ઈસ્લામાબાદમાં 6ઠ્ઠી ઇન્ટરનેશનલ પૈગામ-એ-ઈસ્લામ કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે વડા પ્રધાન શહબાઝે આશા વ્યક્ત કરી હતી કે, અમેરિકા અને ઈરાન વચ્ચેની વાતચીત કાયમી શાંતિ તરફ દોરી જશે.

### દિલ્હી ડાયરી...

સહમતી દર્શાવી. જોકે, ભાજપના નેતા પોતાની વાત પર મક્કમ રહ્યા અને તે ૧૬ મતવિસ્તારોના નામ પણ ગણાવ્યા જ્યાં કોંગ્રેસ જીતી રહી હોવાનું તેમણે માન્યું. આ ઘટના સૂચવે છે કે ભાજપ કાં તો તૃણમૂલ કોંગ્રેસની સંખ્યા ઘટાડવા માટે કોંગ્રેસને મદદ કરી રહ્યું હતું અથવા તે એવો સંદેશ આપવા માંગતું હતું કે, મુખ્યમંત્રી મમતા બેનર્જી નબળી સ્થિતિમાં છે.

### ભાજપના સુવેંદુ...

આવી છે. બુધવારે રાત્રે નેશનલ હાઈવે પર તેમની સ્કોર્પિયો ગાડીને ઘેરી લેવામાં આવી હતી અને અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ચંદ્રનાથ રથનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે તેમની સાથે રહેલા બુદ્ધદેવ નામના વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને સારવાર માટે નર્સિંગ હોમમાં ખસેડવામાં આવ્યા છે.